# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

# कार्यसूची

## ચોથું સત્ર

## ગુરૂવાર, ૧૮ જુલાઇ, ૨૦૧૯ (બીજી બેઠક)

## બપોરે ૦૩૦:૦૦ વાગ્યે

1. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂા. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| ગૃહ વિભાગ | | | | | અં. પ્ર. નં. ૧૨ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૨ | ગૃહ વિભાગ | મહેસૂલ | ૧૨,૫૫,૮૮,૦૦૦ | ૧૫ થી ૨૩ |
| મુખ્યમંત્રીશ્રી | ૪૩ | પોલીસ | મહેસૂલ | ૩૪,૨૪,૮૨,૭૦,૦૦૦ | ૨૪ થી ૬૯ |
| જેલ મંત્રીશ્રી (રા.ક.) | ૪૪ | જેલ | મહેસૂલ | ૧,૩૯,૪૮,૭૨,૦૦૦ | ૭૦ થી ૭૯ |

3. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

(1)
**માનનીય સભ્યશ્રી હિંમતસિંહ પટેલનો સંકલ્પ( ૬૦ મિનિટ)**

રાજ્યના શહેરોમાં ડ્રાફ્ટ ટી.પી.મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઇનલ થતી નથી. અમદાવાદ શહેરની ૩૧૦ ડ્રાફ્ટ ટી.પી.મંજૂર થયેલ છે તે પૈકી માત્ર ૧૦૩ ટી.પી.ફાઇનલ થયેલ છે. જ્યારે ૨૦૬ ટી.પી.સ્કીમ ફાઇનલ થવાની બાકી છે.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૧ની જોગવાઇ મુજબ ડ્રાફ્ટ ટી.પી.મંજૂર થયા બાદ બાર માસમાં ટી.પી. ને ફાઇનલ કરવાની હોય છે. જે સમયસર ફાઇનલ ન થતાં તેની મુદતમાં વારંવાર વધારો કરવો પડે છે. ટી.પી. ફાઇનલ ન થતાં પ્લાન નકશાઓ મંજૂર કરાવ્યા વગર ગેરકાયદેસર બાંધકામો થાય છે તેના કારણે આવા બાંધકામો તોડવા પડે છે તેમજ અકસ્માતના બનાવો પણ બને છે. ઉપરાંત આવા વિસ્તારોમાં રહેતા નાગરીકોને કોમન સુવિધાઓ જેવી કે, બગીચાઓ, લાયબ્રેરી, પાર્કીંગની સુવિધા પણ ઉપલબ્ધ થતી નથી. આથી, અમદાવાદ શહેર સહિત રાજ્યના અન્ય શહેરોમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને સમય મર્યાદામાં ફાઇનલ કરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(2)
**માનનીય સભ્યશ્રી રમેશભાઇ કટારાનો સંકલ્પ(૬૦ મિનિટ)**

તાજેતરમાં અરબી સમુદ્રમાં વેરાવળથી દક્ષિણ પૂર્વ દિશામાં ૪૦૦ કિ.મી. દૂર ઉદ્‌ભવેલ વાયુ વાવાઝોડાથી રાજયના

મુખ્યત્વે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને કચ્છ તેમજ દીવ સહિત ૧૦ જેટલા જિલ્લાઓમાં અતિભારે વરસાદથી થનાર જાનહાનિ અને પશુધનને બચાવવાની આગોતરી પૂર્વ તૈયારીના ભાગરૂપે કપરી કામગીરી રાજયના વહીવટી તંત્રે કરેલ હતી. રાજયના મંત્રીશ્રીઓને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વાવાઝોડાની તાકીદની પરિસ્થિતિમાં તાત્કાલિક નિર્ણયો લઈ શકે તે માટે વિવિધ જિલ્લાઓમાં મોકલવામાં આવ્યા હતા. માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એકશન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો હતો સંભવિત વાવાઝોડાથી કોઇ જાનહાનિ ન થાય અને ઝીરો કેજયુલીટીના બૃહદ ઉદ્દેશથી રાજય સરકારે શાળા-કોલેજોમાં પણ ત્રણ દિવસની રજા જાહેર કરી દીધી હતી. તે સમય પૂરતી હવાઈ સેવા, રેલવે સેવા અને એસ.ટી. સેવા પણ બંધ કરવામાં આવી હતી. આમ, માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા વાયુ વાવાઝોડાની પરિસ્થિતિ અંગે સતત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું અને સમગ્ર પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય, જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ કન્ટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યા હતા.

સંભવિત વાયુ વાવાઝોડાને પહોંચી વળવા અને બચાવ કામગીરી માટે **NDRF** ની ૪૭ ટીમો, **SDRF** ની ૧૧ ટીમો તથા **SRP** ની ૧૩, આર્મીની ૩૪ અને **BSF** ની ૨ ટીમ તેમજ ૩૦૦ મરીન કમાન્ડો સુસજ્જ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત બચાવ કામગીરી માટે જામનગર ખાતે ૬, અમદાવાદ ખાતે ૧, વડોદરા ખાતે ૨ એમ મળી કુલ ૯ જેટલા હેલીકોપ્ટર તૈયાર રાખવામાં આવ્યા હતાં. ગુજરાતના તમામ બંદરો પર એલર્ટ સિગ્નલ લગાવવામાં આવ્યા હતાં.

વિશેષ કરીને કેશોદ, દીવ, જામનગર અને કંડલા આ ચારેય એરપોર્ટ પર ડોમેસ્ટીક ફ્લાઇટ બે દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ પણ બંધ કરી દેવામાં આવી હતી. ૧૩ જેટલા સિંહોને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. વાયુ વાવાઝોડાને કારણે સ્થળાંતર કરાયેલા ૨.૭૮ લાખ લોકો પૈકી પુખ્ત વ્યકિતને રોજના રૂા.૬૦/- લેખે અને સગીરને રોજના રૂા.૪૫/- લેખે ત્રણ દિવસ માટે કેશડોલ્શ (રોકડ સહાય) આપેલ હતી. માછીમારી માટે દરિયામાં ગયેલા તમામ માછીમારો તેમજ બોટોને દરિયામાંથી પરત બોલાવી તેમને સલામત સ્થળે સ્થાળાંતરિત કરી દેવામાં આવ્યા હતા તેમજ આવા અસરગ્રસ્તોને ૨૩૦૦ કરતાં વધુ આશ્રયસ્થાનો પર આશ્રય આપવામાં આવ્યો હતો.

વાયુ વાવાઝોડાથી સંભવિત નુકશાન ધરાવતા વિસ્તારોમાં ૩૮૩ એમ્બ્યુલન્સ, વાવાઝોડા તથા ભારે વરસાદી સ્થિતિમાં પુરતો વીજ પુરવઠો મળતો રહે તે માટે ડિઝલ પમ્પ તથા ડિઝલના પુરવઠાની પર્યાપ્ત વ્યવસ્થા જે તે જિલ્લામાં આગોતરી રાખવામાં આવી હતી. સંદેશા વ્યવહારના સાધનો, લેન્ડલાઇન ફોન, હોટલાઇન, વી-સેટ, સેટેલાઇટ ફોન તથા હેમ રેડિયો સાથેનો સ્ટાફ ફરજ પર હાજર રાખેલ હતો. વાવાઝોડાથી પ્રભાવિત નાગરિકો માટે ૧૦ લાખથી વધુ ફુડ પેકેટ તૈયાર રાખવામાં આવ્યા હતાં. આમ રાજયના વહીવટી તંત્રે વાયુ વાવાઝોડાને પહોંચી વળવા માટે ખૂબ જ સતર્કતા, સાવધાની અને ગંભીરતા દાખવીને સમયસર શકય હોય તે તમામ આગોતરા અને અસરકારક પગલાંઓ લીધાં હતા જે સરાહનીય છે. ભવિષ્યમાં પણ આવી કોઈ ગંભીર પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર આ પ્રકારની સક્રિયતા દાખવી અસરકારક કામગીરી માટેનું આયોજન કરવા સજ્જ રહે તે માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**(3) <u>માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ મારૂનો સંકલ્પ××</u>**

રાજ્યમાં અનુસૂચિત જાતિઓ માટેની યોજનાઓ માટે મળતી ગ્રાન્ટ વણવપરાયેલી રહે છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં થોડા વર્ષથી ગ્રાન્ટની ફાળવણી રાજ્યને ફાળે ઓછી આવે છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં અનુસૂચિત જાતિના લોકોને જાણકારી તેમજ માર્ગદર્શન સાથેની શિબિરના અભાવે વણવપરાયેલ રહેતી રકમ અન્ય હેડ હેઠળ ફાળવી અનુસૂચિત જાતિના લોકોને લાભથી વંચિત રાખવામાં આવે છે.

અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટેની સરકાર દ્વારા સહાય આપવાની યોજનાનો લાભ આપવામાં આવતો નથી. બેંકેબલ યોજનાઓમાં પણ દલિતોની લોન મંજૂર થતી નથી. રાજ્યમાં અનુસૂચિત જાતિઓ માટેની યોજનાઓની પૂરી ગ્રાન્ટ અનુસૂચિત સમાજ માટે વપરાય અને કેન્દ્રની પૂરતી સહાય મળે તે માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**(××માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ મારૂનો સંકલ્પ નિયમ-૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.)**

(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી),
**अध्यक्ष ।**

(શ્રી ડી. એમ. પટેલ),
**सचिव।**

******************